# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે G20 નેતાઓની સમિટમાં ભાગ લેવા દક્ષિણ આફ્રિકા જશે.

2) NIAએ, દિલ્હી વિસ્ફોટમાં સંડોવાયેલા વધુ ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી.

3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના કચ્છમાં BSFના સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

4) બ્રાઝિલના UN-COP30 ક્લાઇમેટ સમિટના મુખ્ય સ્થળે આગ લાગતાં 13 ઘાયલ-હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયા.

5) એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સની સેમિફાઇનલમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM G-20

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જોહાનિસબર્ગમાં G20 સમિટમાં હાજરી આપવા માટે દક્ષિણ આફ્રિકાના ત્રણ દિવસના પ્રવાસે જશે.

2016માં દ્વિપક્ષીય મુલાકાત અને ત્યારબાદ 2018 અને 2023માં બે BRICS સમિટ પછી, શ્રી મોદીનો દક્ષિણ આફ્રિકાનો આ ચોથો સત્તાવાર પ્રવાસ હશે. G20 સમિટની બાજુમાં, પ્રધાનમંત્રી ભારત-બ્રાઝિલ-દક્ષિણ આફ્રિકાના નેતાઓની બેઠકમાં પણ હાજરી આપશે. શ્રી મોદી G20 સમિટની બાજુમાં વિશ્વના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, ગ્લોબલ સાઉથમાં આ સતત ચોથું G20 સમિટ યોજાશે સાંભળીએ એક અહેવાલ...

(V/C– ASONUO PM G 20)

# NATIONAL INVESTIGATION AGENCY

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ દિલ્હી લાલ કિલ્લા આતંકવાદી ઘટનામાં સંડોવાયેલા વધુ ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

તપાસ એજન્સીએ જણાવાયું કે જિલ્લા સત્ર ન્યાયાધીશ, પટિયાલા હાઉસ કોર્ટના પ્રોડક્શન ઓર્ડર પર, એજન્સી દ્વારા ચાર આરોપીઓને શ્રીનગર, જમ્મુ અને કાશ્મીરથી કસ્ટડીમાં લીધેલા આરોપીઓની ઓળખ કરી છે.

(BYTE: DELHI BLAST)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. ત્યારે આજે તેઓ કચ્છ જિલ્લાના ભુજમાં સરહદ સુરક્ષા દળ-BSFના 61મા સ્થાપના દિવસની ઉજવણીમાં સહભાગી થશે. 176 બટાલિયન BSF કેમ્પ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં BSF જવાનો પરેડ કરશે.

આ દરમિયાન 'ઓપરેશન સિંદૂર'માં સહભાગી થયેલા તોપખાના અને હથિયારોની ઝાંખી રજૂ કરાશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

(વોઇસ કાસ્ટ : હેમાંગ પટણી)

આ કાર્યક્રમ બાદ શ્રી શાહ મોરબી જશે. જ્યાં તેઓ ભાજપ જિલ્લા કાર્યાલય શ્રી કમલમનું ઉદ્ઘાટન કરશે.

# PUNJAB ENCOUNTER

પંજાબ પોલીસના લુધિયાણામાં કરેલા એન્કાઉન્ટરમાં 2 આરોપી ઘાયલ થયા છે. શંકાસ્પદો પાસેથી બે ચાઇનીઝ બનાવટના હેન્ડ ગ્રેનેડ, પાંચ અદ્યતન પિસ્તોલ અને લગભગ 50 જીવંત કારતુસ મળી આવ્યા છે.

એન્કાઉન્ટર દરમિયાન પોલીસે સ્વબચાવમાં કાર્યવાહી કરી હતી. લુધિયાણા પોલીસ કમિશનર સ્વપ્ન શર્માએ ખુલાસો કર્યો કે આ બંને તેમના વિદેશી

સાગરીતોની મદદથી રાજ્યભરમાં સરકારી ઇમારતો અને અન્ય લક્ષ્યો પર ગ્રેનેડ હુમલાની ફિરાકમાં હતા..

# COP30 FIRE-BROKE-OUT

બ્રાઝિલના બેલેમમાં ચાલી રહેલા UN-COP30 ક્લાઇમેટ સમિટના મુખ્ય સ્થળે ગઈકાલે આગ ફાટી નીકળતાં 13 લોકો ઘાયલ થયા હતા. જેના કારણે હજારો લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

'બ્લુ ઝોન'માં આગ લાગી હતી, જ્યાં સમિટ માટે બધી મીટિંગો, વાટાઘાટો, દેશના મંડપ, મીડિયા સેન્ટર અને મુખ્ય સભા હોલ સહિત તમામ મહાનુભાવોના કાર્યાલયો આવેલા છે. આગના સમાચાર ફેલાતાં જ, લોકો સલામતી માટે બધા એક્ઝિટ ગેટમાંથી બહાર દોડી આવ્યા હતા.

UN COP30 આયોજન સમિતિએ જણાવ્યું કે ધુમાડાના શ્વાસમાં લેવા માટે સ્થળ પર જ તમામ ઘાયલોની સારવાર કરવામાં આવી હતી અને તેમની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા વિભાગના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ સ્થળ પર હાજર હતા અને આગ લાગી ત્યારે ભારતના પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ભારતીય પ્રતિનિધિમંડળ પણ બ્લુ ઝોનની અંદર હતા, પરંતુ તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GOA IFFI

**ગોવાના પણજીમાં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા (IFFI) માં આજે ઇન્ડિયન પેનોરમા બે ફિલ્મોના સ્ક્રીનિંગ સાથે ખુલશે.**

**રાજકુમાર પેરિયાસામી દિગ્દર્શિત તમિલ ફિલ્મ અમરન ફિચર ફિલ્મ વિભાગની શરૂઆતની ફિલ્મ હશે, જ્યારે કમલેશ કે મિશ્રા દિગ્દર્શિત હિન્દી ફિલ્મ કાકોરી, નોન-ફિચર કેટેગરીની શરૂઆતની ફિલ્મ હશે.**

**ઇન્ડિયન પેનોરમા વિભાગમાં કુલ 25 ફીચર ફિલ્મો અને 20 નોન-ફિચર ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં પાંચ ડેબ્યુ ફીચર ફિલ્મો અને પાંચ વેબ સિરીઝનો સમાવેશ થાય છે. IFFIનો સૌથી પ્રતિષ્ઠિત વિભાગ માનવામાં આવતો ઇન્ડિયન પેનોરમા, વિવિધ ભારતીય ભાષાઓ અને શૈલીઓની ઉજવણી કરે છે.**

(બાઇટ– GOA IFFI)

# CRICKET

કતારમાં ચાલી રહેલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025માં આજે સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે.

આ મેચ દોહામાં બપોરે ત્રણ વાગ્યાથી શરૂ થશે. ભારતીય ટીમને એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025નો ખિતાબ જીતવા માટે હજુ 2 મેચ જીતવી પડશે.

અગાઉ, ગ્રુપ સ્ટેજમાં પહેલી મેચમાં યુએઈને હરાવ્યું જ્યારે બીજી મેચમાં પાકિસ્તાન વિરુદ્ધ 8 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો.

લીગ સ્ટેજની ત્રીજી મેચમાં ભારતનો સામનો ઓમાન સાથે થયો હતો. જેમાં ભારતને 6 વિકેટથી જીત મળી હતી. આ ટૂર્નામેન્ટની ફાઈનલ 23 નવેમ્બરના રોજ દોહામાં રમાશે.

# WORLD BOXING CUP

ઉત્તર-પ્રદેશના ગ્રેટર નોઈડામાં આજે અંતિમ દિવસે ભારતે, વર્લ્ડ બોક્સિંગ કપ ફાઇનલ્સ 2025માં નવ સુવર્ણ ચંદ્રક જીત સાથે સમાપ્ત કરી.

ભારતીય મહિલા બોક્સર જૈસ્મીન લંબોરિયા, નિખત ઝરીન, પરવીન હુડા, અરુંધતી ચૌધરી, પ્રીતિ પવાર, મીનાક્ષી હુડા અને નુપુર શિયોરનએ ટુર્નામેન્ટમાં 7 સુવર્ણ ચંદ્રક સાથે ગોલ્ડન સ્વીપ કર્યો છે. જે દેશ માટે એક ઐતિહાસિક સિદ્ધિ છે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 નવેમ્બરે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમમી 128મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે.

આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય શેર કરી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો આપી શકે છે. લોકો 28 નવેમ્બર સુધી સૂચનો મોકલી શકશે.

## અને હવે આજના અખબરોના મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડીયા

- આજે લગભગ બધા અખબારોમાં રાજ્યોના બિલ મંજૂર કરવા મુદ્દે થયેલી અરજીના સંદર્ભમા સુપ્રીમ કોર્ટના નિર્ણય અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ માટે બિલને મંજૂર કરવા કોઈ સમયમર્યાદા નહિ: સુપ્રીમ કોર્ટ. સંદેશ લખે છે કે, ગવર્નર, રાષ્ટ્રપતિ માટે ડેડલાઇન નક્કી ન કરી શકીએ.
- તો ગુજરાત સમચારે લખ્યું છે કે, રાષ્ટ્રપતિ-રાજ્યપાલને સહી કરવા આદેશ ન આપી શકાય. નવગુજરાત સમયે લખ્યું છે કે, ગવર્નર બિલને લટકાવે નહીં, મંજૂર કરે કે રાષ્ટ્રપતિને મોકલે. અને ફૂલછાબે રાષ્ટ્રપતિ-રાજ્યપાલને સમયસીમામાં બાંધી શકાય નહિ ના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.
- અન્ય સમાચારોમાં બિહારમાં નીતિશ કુમારે 10 મી વખત મુખ્યમંત્રી બની ઇતિહાસ રચ્યો, નેપાળમાં ફરી હિંસા ભડકી: Gen Z રસ્તા પર ઉતરી, કર્ફ્યૂ લાદયો, ટેરિફ વિવાદ વચ્ચે ભારત અમેરિકા પાસેથી 825 કરોડના શસ્ત્રો ખરીદશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.